### IITGnના એલ્યુમની મનુ ચૌધરીના બુક લૉન્ચ સેરેમની યોજાઈ

# 11th Dimention બુકમાં 10 IITiansની લાઇફ જર્ની વણી લેવાઈ

આઈ.આઈ.ટી. ગાંધીનગરના ૨૦૧૭ના બેચના અલ્યુમની એવા મનુ ચૌધરીએ લખેલ બુક ૧૧th Dimentionનું લોંચ આઈઆઈટી ગાંધીનગર ખાતે યોજાયું હતું. ૧૦ આઈઆઈટીયન્સ કે જેમણે પરંપરાગત કરિયરની પસંદગી કરવા કરતાં પ્રવાહથી અલગ જઈ કરિયરની પસંદગી કરેલ છે. મનુ ચૌધરી વર્ષ ૨૦૧૭ની બેચના આઈઆઈટીના સ્ટુડન્ટ્ રહી ચૂક્યાં છે અને હાલ ગુજરાતમાં અમુલમાં એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. પોતાની બુક અંગે વાત કરતાં મનુ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ બુકમાં ૧૦ એવા ખંતિલા સ્ટુડન્ટ્સની વાત કે જેઓ પ્રવાહ કરતાં અલગ જવાની હિંમત કેળવી હતી. આટલું જ નહીં તેઓ સામે આવેલ અનેક પડકારોને ઝીલી ગયાં બાદ પણ અવિરતપણે પોતાના નિર્ણયને વળગી રહી એક અલગ જ

**દરેક માણસમાં પોતાની લાઇફને સૌથી અલગ બનાવવાનું પોટેન્શિયલ હોય જ છે માત્ર એને ઓળખવાની જરૂર છે**



દિશામાં પોતાના કરિયરની શરૂઆત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ બુકમાં ૧૦ અલગ અલગ સ્ટુડન્ટ્સની સ્ટોરીને વણી લેવામાં આવેલ છે. દરેક માણસમાં પોતાની લાઈફને સૌથી અલગ બનાવવાનું પોટેન્શિયલ હોય જ છે માત્ર એને ઓળખવાની જરૂર હોય છે.

**Title:** IITGN alumnus Manu Chaudhary’s book launch ceremony held; The 11th Dimension book intertwines life journeys of ten IITians
**Source:** Sandesh (City Life, Page no. 2)
**Link:** http://sandeshepaper.in/m/247406/5c0ae4fdbdf52
**Date:** 08-12-2018